# BUSINESS મિત્ર

# શેરબજારના સતત પાંચ દિવસના સુધારાને બ્રેક વાગી

**સેન્સેક્સની** વીકલી એક્સપાયરીએ શેરબજારમાં ઘટાડો નોંધાયો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 9:** ઈરાન-અમેરિકા યુદ્ધવિરામ વચ્ચે હજુય અનિશ્ચિતતાના વાદળો ઘેરાયેલા છે, સેન્સેક્સના વીકલી એક્સપાયરીએ નફાવસુલીનું જોર વધ્યું હતું અને રોકાણકારો સાવચેત રહ્યા હતા, જેના પગલે આજે ભારતીય શેરબજાર લાલ નિશાનમાં બંધ રહ્યું હતું. આમ, ભારતીય શેરબજારમાં સતત પાંચ દિવસથી ચાલી રહેલા સુધારાને બ્રેક વાગી હતી.

કંપનીઓના ચોથા કવાર્ટરના પરિણામો જાહેર થવાના શરૂ થયા છે. આજે ટીસીએસના પરિણામો જાહેર થનારા છે, તે પહેલાં આઈટી સેકટરમાં રોકાણકારો આ પરિણામ ઉપર ફોકસ રાખી રહ્યા છે, જે દિશાસુચક રહશે. જોકે, ઈરાન-અમેરિકા અને ઈઝરાયેલ યુદ્ધના કારણે સપ્લાય ચેઈનને પડેલી અસરની કોર્પોરેટ પરિણામો ઉપર અસર પડી શકે છે. જેથી આ વખતે કોર્પોરેટ પરિણામો અપેક્ષા કરતા નબળા આવવાની સંભાવના જોવાઈ રહી છે.

બીએસઇ સેન્સેક્સ 931.25 પોઈન્ટ એટલે કે 1.2 ટકા ઘટીને 76631.65 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77429 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76347 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 222.25 પોઈન્ટ એટલે કે 0.93 ટકા ઘટીને 23800 પોઈન્ટની સપાટી તોડીને 23775.10 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23990 પોઈન્ટની સપાટી સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23682 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 882.20 પોઈન્ટ એટલે કે 1.58 ટકા ઘટીને 54821.70 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે અપોલો ટાયર્સમાં 14.95 ગણા, હોનાસા કન્ઝ્યુમરમાં 14.66 ગણા, કેપીઆર મીલ્સમાં 10.11 ગણા, એચસીએલ ટેકનોમાં 5.79 ગણા અને કેઈસી ઈન્ટરનેશનલમાં 4.02 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે આઈટીઆઈ લિ.માં 92.28 ગણા, કેઈસી ઈન્ટરનેશનલમાં 13.7 ગણા, મીસા લિ.માં 12.18 ગણા, હોનાસા કન્ઝ્યુમરમાં 10.92 ગણા અને રાઈટસ લિ.માં 6.44 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં વધઘટે નજીવો સુધારો જોવાયો હતો. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.09 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.25 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યો હતો. બીએસઇ ખાતે 2160 શેરો વધ્યા હતા, જ્યારે 2127 શેરો ઘટયા હતા અને 136 શેરોમાં કોઇ ફેરફાર થયો નહતો.

પ્રાઈવેટ બેન્ક શેરોમાં નફાવસુલીના પગલે નિફ્ટી પ્રાઈવેટ બેન્ક ઈન્ડેક્સ 1.75 ટકા ઘટ્યો હતો. જેમાં ઈન્ડસઈન્ડ બેન્ક, કોટક બેન્ક, એચડીએફસી બેન્ક, આઈસીઆઈસીઆઈ બેન્ક, આરબીએલ બેન્ક, એક્સીસ બેન્ક, આઈડીએફસી ફર્સ્ટ બેન્ક, યસ બેન્ક અને ફેડરલ બેન્ક ઘટયા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ ફ્યુચર 228 પોઈન્ટના ઘટાડા સાથે ચાલી રહ્યા હોવાથી આજે અમેરિકન બજારો નબળી શરૂઆત કરવાના સંકેત આપી રહ્યા છે. ભૌગોલિક રાજકીય તણાવ ફરી ઉભરી આવતા યુરોપિયન અને એશિયન બજારોમાં પણ ઘટાડો નોંધાયો હતો. ઈરાને અમેરિકાના બે સપ્તાહના યુદ્ધ વિરામનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યા બાદ રોકાણકારોના સેન્ટિમેન્ટ નબળું પડ્યું હતું. ટ્રમ્પે એક મહિનાથી વધુ સમયના સંઘર્ષ બાદ યુદ્ધવિરામની જાહેરાત કરી હતી. ખાસ કરીને યુદ્ધવિરામ દરમ્યાન લેબનોન પર ઇઝરાયેલી હુમલા ચાલુ રાખવાના લીધે ઉલ્લંઘનનો આરોપ લગાવ્યો છે. જ્યારે યુએસનું કહેવું છે કે, લેબનોન કરારનો ભાગ નથી. આમ, હજુય બંને દેશો વચ્ચે મતભેદો છે, જેના લીધે આ કરાર શાંતિપુર્ણ માહોલમાં થાય તેવું દેખાતું નથી.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.21 ટકા, કેક 0.61 ટકા અને ડેક્સ 0.95 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.46 ટકા, સ્ટ્રેઈટસ 0.38 ટકા, હેંગસેંગ 0.50 ટકા, કોસ્પી 1.63 ટકા અને શાંઘાઈ 0.73 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે તાઈવાન 0.29 ટકા અને જકાર્તા 0.39 ટકા સુધરા સાથે બંધ રહ્યા હતા.

## રૂપિયામાં પ્રત્યાઘાતી ઘટાડો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 9:** કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયામાં પ્રત્યાઘાતી ઘટાડો જોવાયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 7 પૈસા ઘટીને 92.66ના સ્તરે બંધ રહ્યો હતો. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 92.59ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 107.74, પાઉન્ડ 123.54, કેનેડિયન ડોલર 67.14, ઓસ્ટ્રેલિયન ડોલર 64.86, જાપાનીઝ યેન 0.5830 અને સીંગાપોર ડોલર 72.96ના સ્તરે બંધ રહ્યા હતા.

### ફોરેક્સ બજાર

| | |
|---|---|
| ડોલર | 92.66 રૂ. |
| યુરો | 107.74 રૂ. |
| પાઉન્ડ | 123.54 રૂ. |
| યેન | 0.5826 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -931.25 | 76631.65 |
| નિફ્ટી | -222.25 | 23775.10 |
| બેન્ક નિફ્ટી | -882.20 | 54821.70 |

### નિફ્ટી

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| હિન્ડાલ્કો | 3.56 | 985.65 |
| ડો. રેડ્ડીઝ લેબ | 1.72 | 1211.90 |
| બજાજ ઓટો | 1.61 | 9517.00 |
| બીઇએલ | 1.54 | 439.75 |
| મેક્સ હેલ્થકેર | 1.47 | 954.95 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ટરગ્લોબ એવીએશન | 3.61 | 4449.10 |
| જિયો ફાઇનાન્સીયલ | 3.25 | 238.84 |
| લાર્સન-ટુબ્રો | 2.74 | 3896.20 |
| શ્રીરામ ફાઇ. | 2.63 | 996.30 |
| ઇટર્નલ | 2.35 | 237.89 |

### સેન્સેક્સ

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બીઇએલ | 1.57 | 439.80 |
| એનટીપીસી | 1.12 | 378.45 |
| પાવરગ્રીડ | 1.12 | 298.15 |
| ટીસીએસ | 1.09 | 2587.75 |
| એચસીએલ ટેકનો | 0.55 | 1465.20 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ટરગ્લોબ એવીએશન | 3.64 | 4448.35 |
| લાર્સન-ટુબ્રો | 2.75 | 3897.20 |
| ઇટર્નલ | 2.34 | 237.90 |
| એચડીએફસી બેન્ક | 2.31 | 797.25 |
| ICICI બેન્ક | 2.18 | 1280.75 |

# શેરબજાર તોફાની બનશે, ડિસેમ્બર સુધીમાં સેન્સેક્સ 95000ને ટચ કરશે

**શેરબજાર** બુલ રન માટે તૈયાર, જે વર્તમાન સ્તરથી 22 ટકા ઉછળશે: મોર્ગન સ્ટેનલી

નવી દિલ્હી, તા. 9: જાણીતીગ્લોબલ બ્રોકરેજ ફર્મ મોર્ગન સ્ટેનલીએ ભારતીય શેરબજાર વિશે ખૂબ જ પ્રોત્સાહક અહેવાલ બહાર પાડ્યો છે. બ્રોકરેજનું માનવું છે કે ભારતીય શેરબજાર હવે મોટા બુલ રન માટે તૈયાર છે. અહેવાલમાં ડિસેમ્બર 2026 સુધીમાં સેન્સેક્સ માટે 95000નો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે, જે વર્તમાન સ્તરથી લગભગ 22 ટકાનો વધારો દર્શાવે છે.

ભારતીય શેરબજારમાં બુલ રન આવશે તેની પાછળના કારણો અંગે મોર્ગન સ્ટેનલીએ તેના અહેવાલમાં જણાવ્યું છે કે, સસ્તુ વેલ્યુએશન, કમાણીમાં સુધારો, મજબૂત સ્થાનિક નાણાકીય પ્રવાહ વગેરે કારણોથી શેરબજારમાં જબરજસ્ત તેજી જોવા મળશે.

મોર્ગન સ્ટેનલીએ તેના અહેવાલમાં ઘણા પરિબળોની સૂચિબદ્ધ કરી છે જેમાં જણાવ્યું છે કે, ઐતિહાસિક રીતે, ભારતીય બજાર હાલમાં તેની અગાઉની નીચી સપાટીની નજીક છે. સેન્સેક્સ પણ સોના સામે સૌથી સસ્તા સ્તરે કારોબાર કરી રહ્યો છે.

માર્ચમાં યુદ્ધને કારણે થોડી મંદી બાદ કંપનીઓની કમાણી ચક્ર હવે ફરી વેગ પકડી રહી છે. નાણાકીય વર્ષ 2028 સુધીમાં સેન્સેક્સની કમાણી 17 ટકાના વાર્ષિક દરે વધશે તેવો અંદાજ છે. જ્યારે વિદેશી રોકાણકારોની વેચવાલી હોવા છતાં ડીઆઈઆઈની સતત ખરીદી તે બજારમાં વિશ્વાસને અકબંધ રાખે છે અને મજબૂત બનાવે છે.

આમ, શેરબજારમાં બુલ રનની પુરેપુરી સંભાવના છે, પણ કેટલાક પરિબળો છે, જે અંતરાયરૂપ બની શકે છે. પણ વૈશ્વિક સ્થિતિ સામાન્ય અને ક્રુડના ભાવ નિયંત્રણમાં રહેશે તો સેન્સેક્સ 95000 પોઈન્ટને ટચ કરી દેશે, જેમાં ક્રુડ ઓઈલની કિંમત 70 ડોલર પ્રતિ બેરલની નીચે આવે અને વૈશ્વિક વૃદ્ધિદર સારો રહે તો સેન્સેક્સ 107000 પોઈન્ટને પણ સ્પર્શી શકે છે. પણ જો ક્રુડના ભાવ 100 ડોલર પ્રતિ બેરલને કુદાવે અને અમેરિકામાં મંદી રહે તો સેન્સેક્સ 76000 સુધી પણ આવી શકે છે.

# ભારતની આર્થિક તાકાત પર વિશ્વ બેન્કે વિશ્વાસ વ્યક્ત કર્યો

**વિશ્વ** બેન્કે ભારતનો જીડીપી દર 6.6 ટકાનો અંદાજ મુક્યો

નવી દિલ્હી, તા. 9: વિશ્વ બેંકે ભારતની આર્થિક તાકાત પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. તેણે નાણાકીય વર્ષ 2026-27 માટે ભારતની વૃદ્ધિની આગાહી 6.3 ટકાથી વધારીને 6.6 ટકા કરી છે. આ સુધારો એવા સમયે આવ્યો છે જ્યારે વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતાનું વાતાવરણ છે. રિપોર્ટ અનુસાર, દક્ષિણ એશિયાની અર્થવ્યવસ્થાઓમાં ભારત સૌથી મજબૂત સ્થિતિમાં છે. જ્યારે સંપૂર્ણ વિસ્તારનો વિકાસ દર ધીમો પડી રહ્યો છે, ત્યારે ભારત આ વિસ્તાર માટે સ્થિરતા અને વૃદ્ધિનું મુખ્ય એન્જિન છે. વિશ્વ બેન્કના અહેવાલ અનુસાર, દક્ષિણ એશિયાનો એકંદર વિકાસ દર 2025માં 7 ટકાથી ઘટીને 2026 માં 6.3 ટકા થવાનો અંદાજ છે. આ ઘટાડા પાછળનું મુખ્ય કારણ મધ્ય પૂર્વનો સંઘર્ષ અને વૈશ્વિક ઊર્જા બજારોમાં અસ્થિરતા છે, જેણે આયાત આધારિત અર્થતંત્રો પર દબાણ લાવ્યું છે. જો વૈશ્વિક તણાવ વધે છે, તો તે ફુગાવામાં વધારો તરફ દોરી શકે છે અને કેન્દ્રીય બેંકોને કડક નીતિઓ અપનાવવાની જરૂર પડી શકે છે.

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૨૫૦ |
| એસ-૩૦ | ૪૧૫૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સ્ટાન્ડર્ડ સોનું | ૧૫૫૪૦૦ |
| તેજાબી સોનું | ૧૫૫૩૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૭૬૩૦ |
| દાગીના-બીઆઈએસ હોલમાર્ક | ૧૫૨૨૯૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૫૪૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૪૯૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૬૪૦૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૩૦ | કોપરેલ | ૫૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૩૦ | વનસ્પતિ ઘી | ૨૪૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૭૦ | સનફ્લાવર | ૨૬૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૫૮૦ | તલતેલ | ૪૬૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૩૫૦ | દિવેલ | ૨૪૫૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

# જુનમાં NSEના આઈપીઓનું ડ્રાફ્ટ રજૂ કરી ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરાશે

**નવ** વર્ષ પહેલા અન્ય સ્ટોક એક્સચેન્જ બીએસઇનો આઇપીઓ આવ્યો હતો

મુંબઈ, 9: દેશના સૌથી મોટા શેરબજાર એવા એનએસઇના આઈપીઓની રોકાણકારો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, જે ડિસેમ્બર 2026 સુધી માં આઈપીઓનું કામ પુર્ણ કરવાની યોજના ધરાવે છે. એનએસઇ જુનના અંત સુધીમાં તેના આઈપીઓ એટલે કે ડીઆરએચપી ફાઈલ કરી શકે છે. હાલ તેને તૈયાર કરવાનું કામ ચાલી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ બીએસઇનો આઈપીઓ આવ્યો હતો, જે લિસ્ટેડ છે અને હવે એનએસઇનો આઈપીઓ આવી રહ્યો છે.

એનએસઇએ આઈપીઓ માટે 20 મર્ચન્ટ બેન્કર્સની નિમણૂક કરી છે. એનએસઇએ ગયા મહિને આ અહેવાલ આપ્યો હતો અને દેશમાં કોઈપણ આઈપીઓ માટે આ અત્યાર સુધીની સૌથી વધુ સંખ્યા છે. આ સિવાય નિયમનકાર, દસ્તાવેજીકરણ અને પાલન સંબંધિત બાબતો પર સલાહ આપવા માટે આઠ કાયદાકીય કંપનીઓની પસંદગી કરવામાં આવી છે. શ્રીનિવાસ ઈન્જેતીની આગેવાની હેઠળની આઈપીઓ સમિતિએ આ નિમણૂકોને મંજૂરી આપી છે.

એનએસઇ ઓફર ફોર સેલ દ્વારા તેનો હિસ્સો 4થી 5 ટકા ઘટાડવાની યોજના ધરાવે છે.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂા. | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦/૨૪ બ્રાઈટ | ૨૬૯ | ૭૫/૩૬ '' | ૧૩૫ | ----- | --- |
| ૩૦/૩૬ એફડી | ૨૭૬ | ૫૦/૩૬ '' | ૧૪૬ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૦ |
| **લોકલ** | | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૮/૩૬ | ૧૩૯ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૬ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૦ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪ | ૧૦૦ ટેક્ષ | ૧૩૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૦ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ રોટો | ૧૪૧ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૭ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૯ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૭ | ૮૦/૭૨ રોટો | ૧૩૯ |
| | | --- | --- | ૩૦/૨૪ બ્રાઈટ | --- |
| | | | | ૩૦/૩૬ એફડી | --- |
| ૧૫૦/૪૮બ્રાઈટ | ૧૨૯ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | TPM | ૧૩૮ |

# ઈઝરાયેલે યુદ્ધવિરામનો ભંગ કરીને લેબેનોન પર હુમલો કેમ કર્યો?

અમેરિકા અને ઈરાન વચ્ચે પાકિસ્તાને કરાવેલો યુદ્ધવિરામ તકલાદી પુરવાર થયો છે. આ યુદ્ધવિરામનો અમલ શરૂ થયો તેના બે જ કલાકમાં ઈઝરાયેલે લેબેનોન પર અત્યાર સુધીનો સૌથી ભીષણ હુમલો કર્યો છે અને ઈરાને ફરીથી હોર્મુઝની ખાડીનો રસ્તો બંધ કરી દીધો છે. હકીકતમાં પાકિસ્તાન દ્વારા જે કથિત યુદ્ધવિરામ કરાવવામાં આવ્યો તે અમેરિકા માટે મજબૂરીનો સોદો હતો અને ઈઝરાયેલ તેમાં સંમત જ નહોતું. આ યુદ્ધવિરામ બાબતમાં ઈઝરાયેલના વડા પ્રધાન નેતન્યાહુને વિશ્વાસમાં જ લેવામાં આવ્યા નહોતા, પણ ઈરાન દ્વારા લેબેનોન પર હુમલો ન કરવાની કલમ મૂકી દેવામાં આવી હતી, જે ઈઝરાયેલને માન્ય જ નહોતી. ઈઝરાયેલ આ યુદ્ધવિરામથી છંછેડાયેલું હતું, કારણ કે ઈરાનમાં સત્તાપલટો કરાવવાની તેની ઇચ્છા અધૂરી રહી ગઈ હતી. આ ઇચ્છા પૂરી કરવા ઈઝરાયેલે લેબેનોન પર કચકચાવીને હુમલો કર્યો હતો, જેને કારણે ઈરાનને હોર્મુઝનો રસ્તો બંધ કરી દેવાનું બહાનું મળી ગયું હતું. જો યુદ્ધવિરામની શરતોનો અમલ થાય તો પણ ઈરાન માટે હોર્મુઝની સામુદ્રધુની હવે સોનાનાં ઈંડાં આપતી મરઘી બની ગઈ છે.

આ શરત મુજબ હોર્મુઝની સામુદ્રધુનીનું નિયંત્રણ ઈરાનના હાથમાં રહેશે અને તે તેમાંથી પસાર થતાં જહાજો પાસેથી ટોલ ટેક્સ પણ ઉઘરાવી શકશે. હકીકતમાં યુદ્ધવિરામ થયો તે પહેલાંથી ઈરાને હોર્મુઝમાંથી પસાર થતાં જહાજો પાસેથી જહાજ દીઠ ૨૦ લાખ ડોલરનો ટેક્સ ઉઘરાવવાનું શરૂ કરી દીધું હતું. સૌથી મહત્ત્વની વાત એ છે કે આ ટેક્સ અમેરિકાના ડોલરમાં નહીં પણ ચીનના યુઆનમાં ચૂકવવાનો રહે છે. એક અંદાજ પ્રમાણે હોર્મુઝની સામુદ્રધુનીના માર્ગે રોજનું આશરે બે કરોડ બેરલ ખનિજ તેલ પસાર થાય છે. ઈરાનની યોજના જહાજો પાસેથી બેરલ દીઠ એક અમેરિકન ડોલર સમકક્ષ યુઆનનો ટેક્સ ઉઘરાવવાની છે. આ રીતે ઈરાનને રોજના કરોડો યુઆનની આવક થઈ જશે, જેના વડે તે ચીન પાસેથી શસ્ત્રો ખરીદી શકશે. આ કારણે ચીનનું અર્થતંત્ર મજબૂત બનશે અને અમેરિકાના ડોલરનું વિશ્વવ્યાપી સામ્રાજ્ય નબળું પડશે.

ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત થઈ કે તરત ઇઝરાયલે લેબનોનમાં મોટા પાયે હવાઈ હુમલા કર્યા હતા, જેમાં ઓછામાં ઓછા ૨૫૪ લોકો માર્યા ગયાં હતાં. ઈરાન અને મધ્યસ્થી પાકિસ્તાને દાવો કર્યો હતો કે યુદ્ધવિરામની શરતોમાં લેબનોન પર હુમલા રોકવાનો સમાવેશ થાય છે, પરંતુ ઇઝરાયલે કહ્યું છે કે લેબનોન પર હુમલા બંધ કરવા એ યુદ્ધવિરામનો ભાગ નથી. ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ આ હુમલાઓને યુદ્ધ શરૂ થયા પછી લેબેનોનમાં શાસન કરતાં હિઝબુલ્લાહ માટે સૌથી મોટો ફટકો ગણાવ્યો હતો. ઇઝરાયલે દાવો કર્યો હતો કે તેમણે માત્ર ૧૦ મિનિટમાં લેબનોનમાં ૧૦૦ લક્ષ્યો પર હુમલો કર્યો છે. આ હુમલાઓ લેબનોનની રાજધાની બૈરૂત, બેકા ખીણ અને દક્ષિણ લેબનોનમાં કરવામાં આવ્યા હતા, જેમાં રહેણાંક વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ દિવસ લેબનોન માટે સંઘર્ષનો સૌથી ઘાતક દિવસ સાબિત થયો, જેમાં ઓછામાં ઓછા ૨૫૪ લોકો માર્યા ગયાં અને ૧,૧૦૦ થી વધુ ઘાયલ થયાં હતાં. બચાવ ટીમો કાટમાળ નીચે બચી ગયેલાં લોકોને શોધી રહી હોવાથી મૃત્યુઆંક વધવાની ધારણા છે. છેલ્લાં છ અઠવાડિયાંમાં લેબનોનમાં યુદ્ધમાં ૧૩૦ બાળકો સહિત ૧,૫૦૦ લોકો માર્યા ગયા છે, જ્યારે ૧૦ લાખથી વધુ લોકો વિસ્થાપિત થયા છે. લેબનોનમાં ઇઝરાયલી હુમલાઓ આ નાજુક યુદ્ધવિરામને જોખમમાં મૂકી રહ્યા છે. ઈરાને ચેતવણી આપી છે કે જો લેબનોનમાં હુમલા બંધ નહીં થાય, તો તે એવો જવાબ આપશે કે તેના દુશ્મનોને પસ્તાવો થશે.

અમેરિકા-ઈરાન યુદ્ધવિરામમાં લેબનોન પર હુમલા રોકવાનો સમાવેશ થાય છે કે કેમ તે અંગે સ્પષ્ટ ગૂંચવાડો

**યુદ્ધ પોઈન્ટ ▪ સંજય વોરા ▪**

છે. ઈરાન અને પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ બંનેએ કહ્યું છે કે આ કરાર લેબનોનને પણ લાગુ પડે છે. આ યુદ્ધવિરામમાં પાકિસ્તાને મધ્યસ્થીની ભૂમિકા ભજવી છે, પરંતુ ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂના કાર્યાલય દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ યુદ્ધવિરામમાં લેબનોનનો સમાવેશ થતો નથી. તાજેતરનાં અઠવાડિયાંમાં ઇઝરાયલે દક્ષિણ લેબનોનમાં ભૂમિ સૈનિકો મોકલ્યા છે અને કહ્યું છે કે જ્યાં સુધી હિઝબુલ્લાહનો ખતરો સંપૂર્ણપણે નાબૂદ ન થાય ત્યાં સુધી તે લિટાની નદીના દક્ષિણ વિસ્તાર પર નિયંત્રણ જાળવી રાખશે. ઇઝરાયલે લેબનોનમાં હિઝબુલ્લાહના નિયંત્રણ હેઠળના વિસ્તારો પર મોટા પાયે હુમલો કર્યો છે. આ હુમલાઓમાં ઘરો અને ગામડાંઓનો નાશ થયો છે. ઇઝરાયલે કહ્યું છે કે જ્યાં સુધી હિઝબુલ્લાહ હટશે નહીં ત્યાં સુધી તેમને પાછા ફરવા દેવામાં આવશે નહીં. ઈરાને લેબનોન પર ઇઝરાયલી હુમલાને યુદ્ધવિરામ કરાર માટેની તેની ૧૦ મુદ્દાની યોજનાનું ઉલ્લંઘન ગણાવ્યું હતું, જેમાં લેબનોનમાં હુમલાઓ રોકવાની પણ હાકલ કરવામાં આવી હતી.

અમેરિકાના ઈરાન સાથેના બે અઠવાડિયાંના યુદ્ધવિરામમાં પાકિસ્તાનની ભૂમિકાની ચર્ચા થઈ રહી છે. આ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ યુદ્ધવિરામમાં ચીનની ભૂમિકાનો સ્વીકાર કર્યો છે. ન્યૂઝ એજન્સી એએફપી સાથે વાત કરતાં ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે તેમનું માનવું છે કે ચીને ઈરાનને વાટાઘાટો માટે રાજી કર્યું છે. હકીકતમાં ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને નેસ્તનાબૂદ કરી નાખવાની ધમકી આપી તે પછી ચીને અમેરિકાને ધમકી આપી હતી કે જો ઈરાનના નાગરિક ઠેકાણાં પર હુમલા કરવામાં આવશે તો ચીન તે તમાશો જોઈ રહેશે નહીં. પડદા પાછળ ચીન ઉપરાંત રશિયાનું દબાણ પણ કામ કરી ગયું છે. ડોનાલ્ડ ટ્રમ્પ આવતા મહિને બેઇજિંગની મુલાકાતે જવાના છે, જ્યાં તેઓ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે મુલાકાત કરવાના છે.

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે જણાવ્યું હતું કે એક જવાબદાર મુખ્ય દેશ તરીકે ચીન રચનાત્મક ભૂમિકા ભજવવાનું ચાલુ રાખશે અને મધ્ય પૂર્વમાં શાંતિ અને સુરક્ષા પુનઃસ્થાપિત કરવામાં યોગદાન આપશે. માઓ નિંગને એક પત્રકારે પૂછ્યું કે શું તેઓ ચીન અંગેના ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનની પુષ્ટિ કરશે. તેમને એ પણ પૂછવામાં આવ્યું કે જો ચીન સામેલ હોય તો કરારના કયા મુદ્દાઓ પર સંમતિ સધાઈ હતી. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ આનો સીધો જવાબ આપ્યો ન હતો, પરંતુ તેમણે કહ્યું હતું કે યુદ્ધ શરૂ થયું ત્યારથી ચીન શાંતિને પ્રોત્સાહન આપવા અને યુદ્ધ અટકાવવા માટે સક્રિયપણે કામ કરી રહ્યું છે. ચીનના વિદેશ પ્રધાન વાંગ યીએ સંબંધિત દેશોના વિદેશ પ્રધાનો સાથે સતત ૨૬ વાર ફોન પર વાતચીત કરી છે. મધ્ય પૂર્વના મુદ્દાઓ પર ચીન સરકારના ખાસ દૂતે મધ્ય પૂર્વ અને ગલ્ફ ક્ષેત્રની ઘણી મુલાકાતો પણ લીધી છે.

ભારતમાં ચીનના રાજદૂત ઝુ ફેઇહોંગે X પર પોસ્ટ કરી હતી કે ઈરાન સંઘર્ષ શરૂ થયો ત્યારથી તેમણે અને વિદેશ પ્રધાન વાંગ યીએ ૨૬ વખત ફોન પર વાત કરી છે. ફેઈહોંગે ચીનના વિદેશ મંત્રીએ જે દેશો સાથે વાત કરી છે તેની યાદી આપતો ગ્રાફ પણ પોસ્ટ કર્યો છે. સંબંધિત દેશોની યાદીમાં અમેરિકા અને ભારત બંનેનો સમાવેશ થતો નથી. જો કે, ચીનના વિદેશ મંત્રાલયે એમ પણ કહ્યું છે કે ચીન અને પાકિસ્તાને ગલ્ફ અને મધ્ય પૂર્વ ક્ષેત્રમાં શાંતિ પાછી લાવવા માટે સંયુક્ત રીતે પાંચ મુદ્દાની પહેલ રજૂ કરી છે. આ પાંચ મુદ્દા શું છે તે અંગે ચીને કંઈ કહ્યું નથી.

જો અમેરિકા અને ઈરાન વચ્ચેનો કરાર અમલમાં આવે તો પણ હોર્મુઝની સામુદ્રધુની પર ઈરાનનું કાયમી નિયંત્રણ રહેશે અને ઈરાન દ્વારા તગડો ટોલ ટેક્સ પણ વસૂલ કરવામાં આવશે. આ કારણે એક નવી વિશ્વવ્યવસ્થા અમલમાં આવશે, જેમાં અમેરિકાનો ડોલર નબળો પડશે અને ચીનનો યુઆન મજબૂત બનશે. હોર્મુઝની ખાડી અમેરિકાના પતનનું કારણ બની ગઈ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**જો અમેરિકા અને ઈરાન વચ્ચેનો કરાર અમલમાં આવે તો પણ હોર્મુઝની સામુદ્રધુની પર ઈરાનનું કાયમી નિયંત્રણ રહેશે અને ઈરાન દ્વારા તગડો ટોલ ટેક્સ પણ વસૂલ કરવામાં આવશે**


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**નોકરી વિષયક**

**જોઈએ છે સ્ટાફ,**
ઈલેક્ટ્રીશયન/વાયરમેન, અનુભવી/ બિન અનુભવી. સુરત, બારડોલી, માંડવી, રાજકોટ, મોરબી, જુનાગઢ મોં 9913016827

**Sir J. J. Primary**
school (English Medium) Required (1) Computer Teachers English & Gujarati Medium (2) P. T. Sir (3) Teachers Graduate/ B.Ed Send Your Resume with experience to office@suratparsipanchayat.com within three working days.

**CA Required**
Applications Invited for Job of CA (preferably Male) with experience of 3-5 years in Audit & Income Tax. Location: Surat Email CV: rohan.panwala@dsica.com Contact: 9974380992

**જોઈએ છે**
(1) ઓફિસમાં સફાઈ કામ માટે જેન્સ/ લેડીઝ (હાઉસકીપિંગ) અમીઝારાશોપિંગ કોમ્પ્લેક્ષ અઠવાલાઈન્સ 9825338389

**પાપડનું હોટલમાં**
રેસ્ટોરન્ટમાં માર્કેટિંગ કરવા માટે માણસ જોઈશે છે 9558020015

**બજારમાં બેસીને**
પાપડ નું સેલિંગ કરવા લેડિઝ જેન્ટ્સ જોઈએ છે 9558020015

**We are hiring,**
Teachers, Digital marketing staff and office assistants for DPS Kids, Kamrej. Contact- 7383921334.

**અમારી સ્થાપિત ફૂડ**
પ્રોડક્ટ્સ કંપની માટે નમકીન, ચીપ્સ, ડ્રાયફ્રૂટ્સ અને ફૂડ પ્રોડક્ટ્સ ના વેચાણ માટે અનુભવી ફિલ્ડ સેલ્સમેન ની તાત્કાલિક જરૂર છે. સ્થળ: સુરત પગાર: લાયકાત અને અનુભવ મુજબ સંપર્ક નંબર: 8469666190

**જોઈએ છે**
સ્કૂલબસ માટે ડ્રાઈવર- 4, કંડકટર- 3. ધન્વંતરિ કેમ્પસ- કિમ 9924204827

**અનુભવી ટેલીકોલર**
જોઈએ છે. ફીમેલ આકર્ષક પગાર, પાલ ગૌરવપથ રોડ. 9979507770

**નવસારી પરિવાર**
માટે અનુભવી 24/7 રસોઈયા (ફક્ત મહિલા) જરૂરી છે * રહેવાની સુવિધા ઉપલબ્ધ રહેશે * અનુભવ: 3 થી 5 વર્ષ જરૂરી * સ્વચ્છતા અને સમયપાલન આવશ્યક વધુ માહિતી માટે સંપર્ક કરો: Trupti - 9082728214

**Urgent Hiring**
Telesales Executives Openings: 20 preferred Company- Gomzi Life Sciences (Supplement Manufacturers) Location: Pal, Adajan, Surat Salary: Earn upto 40,000+ Attractive Incentives Experience: Minimum 1 Year Contact and Whatsaap: 7861987283

**FOR Sell**
70,000/- ના માસિક ભાડામાં
કોર્પોરેટ કંપનીને ૯ થી ૧૨ વર્ષની લોંગ લીઝ પર આપેલ ઓફિસ
પાર્લે પોઈન્ટ મેઈન રોડ પર
Dhaval Cyclewala 98980 24032

**ફિઝિયોથેરાપી ક્લિનિક**
માટે લેડીઝ સ્ટાફ જોઈએ છે, પાલનપુર પાટિયા, રાંદેર રોડ, સુરત, 9104731600

**પ્રખ્યાત ફાઈનાન્સ**
કંપની માટે પાર્ટટાઈમ / ફુલટાઈમ કામ કરી શકે તેવા માણસો જોઈએ છે. 9228739000

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**હિમાલયા હોલીડેઝ**
(1) અમરનાથ યાત્રા Rs: 9999/= (2) અમરનાથ સાથે કાશ્મીર, ગુલમર્ગ, સોનમર્ગ વૈષ્ણોદેવી Rs: 20999/= Mo- 9825142005 /9427803273

**કિંમત જાણીને ચોંકી જશો!**
સચીન પાસે ઈન્ડસ્ટ્રીયલ પ્લોટો અડધાથી પણ ઓછા ભાવે.
સાઈઝ: 2000થી 2500 વાર
Dhaval Cyclewala 98980 24032

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
૫૨ વર્ષમાં પ્રવેશ રેલ્વે 2X2 દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, તારીખ- 3/5, (10 સીટ બાકી) 26/05, દિવસ- 15. (2) અધિક માસમાં હરિદ્વાર, તારીખ- 22/05, દિવસ- 7. (રેલ્વે બુકીંગ 60 દિવસ પહેલા થાય છે) દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો- દિપકભાઈ બોડીવાલા, યોગી કોમ્પ્લેક્ષ, મહેન્દ્ર કેરીવાલાની બાજુમાં, ન્યુ રાંદેરરોડ, સુરત.: 9825144143, 9898700934, 9712882315

**સાગર 9427113317,**
એસી બસમાં. વેકેશનમાં મહાબળેશ્વર, શિરડી/ શનિ-રવિ ખાનવેલમાં સેલવાસ દમણ,

**દર રવિવારે દમણ**
1100/- AC, બે ટાઈમ નોનવેજ, વાડીફળીયા 9484448329

**મિલ્કત વેચવાની છે**

**વેચાણથી,**
ચોકબજારમાં ઓફિસ, ગોપીપુરામા દુકાન, નાનપુરામાં ફ્લેટ, પરસોલીમાં પ્લોટ. મોબાઈલ. 9825821151

**વેચવાનું છે**
નાનપુરા વિસ્તારમાં આવેલા રાધે ક્રિષ્ના આર્કેડમાં ભોયરું અને ઓફિસો વેચાણથી આપવાની છે ભાડુ ચાલુ છે દલાલો એ તસ્દી લેવી 8153044001

**વ્યવસાયીક ક્લાસીસ**

**કરાટે /એરોબીક્સ કેમ્પ**
જૈન સોશ્યલ ગ્રુપ તથા મહીલા સુરક્ષા સમીતી તરફથી સ્વરક્ષણ/ યોગા / એરોબીક્સ કેમ્પ મળો:- અંજલીબેન કોમલબેન હેમંતભાઈ ભટ્ટ ૯૩૭૬૯૪૫૨૬૯

**લગ્ન વિષયક**

**કેનેડા રહેતી**
31 વર્ષની એજ્યુકેટેડ ડિવોર્સી યુવતી માટે એજ્યુકેટેડ યુવક આવકાર્ય 9512318416

**વ્યવસાયીક આરોગ્ય વિષયક**

**મોતિયાનું ઓપરેશન**
તમારા બજેટમાં કરાવવા પ્રખ્યાત હોસ્પિટલ દવાવાલા આઈકેર પાલનપુર જકાતનાકા સુરતનો આગ્રહ રાખો 9898133189

**વ્યવસાયીક ધંધાકીય**

**ભગવાનનો દિવો**
આરતી, તુલસીનાં છોડ પાસે દિવો કરવા માટે ગાયનાં ઘીમાં બનાવેલ રૂની તૈયાર દિવેટ મળશે. 7600239072

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**ઘરબેઠા TV, LCD,**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામિની ઈલેક્ટ્રોનિક્સ. અડાજણ. 989830270

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
**M. 9879663828**
ગુજરાતમિત્ર


અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.